- 1 -

# મુખ્યમંત્રી ગૃહ યોજના

રજી.પો.એ.ડી

નં.જાવ્ય/ફાળવણી/
જાગીર વ્યવસ્થાપકની કચેરી
ગુજરાત હાઉસીંગ બોર્ડ,
......................................

ફાળવણી તારીખ- ........................

## ફાળવણી પત્ર

યોજના નું નામ:- ..............................................સ્વંયનાણાં સંચાલિત યોજના .............................

પ્રતિ,
શ્રીમાન/શ્રીમતી
..............................................
..............................................
..............................................

વિષય:- ................................................................................... ફ્લેટની ફાળવણી બાબત.

સંદર્ભ :- આપની ઉપરોક્ત યોજનામાં મકાન મેળવવા અંગેની અરજી/સંમતિપત્રક.

આપની ઉપરોક્ત સંદર્ભિત અરજી અન્વયે સહર્ષ જણાવવાનું કે ગુ.હા.બોર્ડની માન.મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ બોર્ડની મિલ્કત નિકાલ વ્યવસ્થા અંગેના વિનિયમો અને શરતોને આધિન નીચે જણાવેલ વિગતે રહેઠાણની ફાળવણી કરવામાં આવે છે.

(૧) અરજદારનું નામ :- શ્રી/શ્રીમતી ..............................................................................

(૨) રહેઠાણ :- બ્લોક નંબર .......................... ફ્લેટ નંબર ..............................................

(૩) બોર્ડની એસ્ટેટનું નામ :- ...................... સ્વયંનાણાં સંચાલિત યોજના ..................................

(૪) મિલ્કતનું સ્થળ :- ..................................................................................................

(૫) સ્વયંનાણાં સંચાલિત મકાન/ફ્લેટની કિંમત ..........................................

બાદ :- અગાઉ ભરપાઇ કરેલ રકમ ..........................................

( જે મકાનની કિંમતનો ભાગ છે)

ફાળવણી સમયે ફ્લેટની કિંમતમાં ..........................................

બાકી ભરવાની રકમ

(૬) રહેઠાણની ફાળવણી તારીખ :- ..........................................

ઉપરોક્ત ક્રમાંક (૫) નીચે દર્શાવેલ અન્ય રકમ અલગ બેન્ક સ્લીપથી ભરપાઇ કરવાની રહેશે.

| અન્ય રકમની વિગત | રકમ |
| --- | --- |
| એન.એ.ચાર્જ | ............................ |
| ઇલેક્ટ્રીક ટ્રા.ડીપોઝીટ | ............................ |

પ્લાન ડોક્યુમેન્ટ ચાર્જીસ ..................................

લીઝ ચાર્જ ..................................

(૭) રજીસ્ટર એજન્સીનો પ્રકાર બોર્ડના બાયલોઝ પ્રમાણે :-

(૮) સદર યોજનાના ફ્લેટોનું એસોસિયેશન બોર્ડના બાયલોઝ પ્રમાણે બનાવવાનું રહેશે. તે અંગેની મીટીંગ તા-.......................... ના રોજ ................. કલાકે અત્રેની કચેરીમાં રાખવામાં આવેલ છે. જેમાં દરેક ફાળવણીદાર એસોસિયેશનના સભ્ય થવું ફરજીયાત છે. મંડળની રચના માટે ફાળવણીદારે જાતે હાજર રહેવું આવશ્યક અને અનિવાર્ય છે. મંડળની રચના બાદ મીટીંગમાં સર્વાનુમતે ચુંટાંઇ આવેલ એસોસિયેશનના પ્રમુખ, સેક્રેટરીએ સદર એસોસિયેશનનું ખાતુ સ્થાનિક કોઇપણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખોલાવવાનું રહેશે.

(૯) લાભાર્થીને મકાનનો કબજો સોંપતા પહેલા તમામં લાભાર્થીઓનું એસોસિયેશન રચવામાં આવશે. જેના હોદ્દેદારોએ કોમન સુવિધા જેવી કે પાણી પુરવઠો, ગટર, સ્ટ્રીટ લાઇટ, રસ્તા, લીફ્ટ સીક્યોરીટી વિગેરેનો કબજો સંભાળી લેવાનો રહેશે. અને સઘળી સુવિધાઓ જે બોર્ડના નામે સ્થાનિક સંસ્થામાં નોંધાયેલ હશે તે એસોસિયેશનના નામે તબદીલ કરાવી લેવાની રહેશે. ત્યારબાદ તેની મરામત/જાળવણી કરવાની રહેશે. અને તેને લગતો તમામ ખર્ચ/બીલ એસોસિયેશને ભોગવવાનો રહેશે. આ અંગે બોર્ડની કોઇ જવાબદારી રહેશે નહિ. એસોસિયેશનના પ્રમુખ, સેક્રેટરી સદર યોજનાની કોમન સર્વીસીસનો ચાર્જ સંભાળી લીધા બાદ ફાળવણીદારને મકાનનો કબજો સોંપવામાં આવશે

(૧૦) બોર્ડ દ્વારા મકાનની કિંમત સાથે વસુલવામાં આવેલ મેન્ટેનન્શ ડીપોઝીટની રકમ કોમન સગવડો તબદીલ કરતી વેળાએ જ એસોસિયેશનના ખાતામાં જમા કરાવવામાં આવશે. જે રકમમાંથી સામાન્ય સગવડોની વ્યવસ્થા એસોસિયેશન દ્વારા કરવાની રહેશે.

(૧૧) લીફ્ટ તેમજ ફાયર સેફ્ટીની જાળવણી તેમજ નિભાવણી તેમજ તેને લગતા વીજળીબીલ તેમજ તેના તમામ મરામતના ખર્ચા એસોસિયેશને ભોગવવાના રહેશે. અને લીફ્ટ બાબતે જે તે ખાતા ડીપાર્ટમેન્ટમાંથી વખતો વખત વપરાશ માટેની પરવાનગી એસોસિયેશને મેળવવાની રહેશે. આ અંગે બોર્ડની કોઇ જવાબદારી રહેશે નહિ.

(૧૨) બોર્ડની આવાસ યોજના ખુબજ વ્યાજબી દરે તથા આવાસન પ્રવૃતિ માટે સંપાદિત જમીન ઉપર હાથ ધરવામાં આવતી હોઇ અરજદાર ફાળવણીના સાત વર્ષ (એલઆઇજી યોજના માટે ) તેમજ પાંચ વર્ષ ( એમઆઇજી યોજના માટે) ની મુદત સુધી અન્યને તબદીલ તથા ભાડે આપી શકશે નહિં. તેમજ કોઇપણ પ્રકારના સુધારા વધારાનું બાંધકામ કરી શકશે નહિ. અને જો કસુર માલુમ પડશે તો નિયમાનુસાર દંડ તથા રહેઠાણ ખાલી કરાવવા સહિતની કાર્યવાહીને પાત્ર ઠરશે.

(૧૩) સદર યોજના સ્વયંનાણાં સંચાલિત હોઇ જો આપને ફાળવેલ ફ્લેટનો વીમો ઉતરાવવાંની જરૂર હોય તો આપના સ્તરે ઉતરાવવાનો રહેશે.

(૧૪) આ સાથે સામેલ રાખેલ સ્વીકારપત્ર ઉપર ફાળવણીદારે પોતે જ સહી કરી તેની સાથે મકાનની બાકીની પુરી રકમ ભર્યાની બોર્ડ માટેની સ્લીપનો અસલ ભાગ તથા અન્ય ખર્ચ પેટેની રકમ ભર્યાની બેંક સ્લીપનો બોર્ડ માટેનો અસલ ભાગ તથા એસોસિયેશન સભ્યફીની રકમ રૂ.................. ભર્યાની અસલ બેંક સ્લીપ બોર્ડની ઉપર્યુક્ત કચેરીમાં ફાળવણીદારે જાતે રૂબરૂ આપવાની રહેશે. જો નિયત સમયમાં મકાનની બાકીની પુરી કિંમત પેટે ભરવાની થતી રકમ ભરવામાં નહિ આવે તેમજ ફાળવણીનો નિયત સમયમાં સ્વીકાર કરવામાં નહિ આવે તો ભરેલ ડીપોઝીટમાંથી નિયમ અનુસાર કપાત કરી ફ્લેટ અન્ય પ્રતિક્ષા યાદીના અરજદારને ફાળવવામાં આવશે.

(૧૫) મકાનની સોંપણીપત્ર મેળવતી વખતે આ કચેરી તરફથી કન્વેયન્સડીડના ફોર્મ આપવામાં આવશે. તેના પર નિયમ મુજબની કિંમતનો સ્ટેમ્પ લગાવીને કન્વેયન્સડીડના ફોર્મ અત્રેની કચેરીમાં દસ્તાવેજની નોંધણી અંગેની કાર્યવાહી માટે રજુ કરવાના રહેશે. નોંધણી ફીનો ખર્ચ ફાળવણીદારે અલગથી સબ-રજીસ્ટ્રાર કચેરીમાં રોકડેથી ભરવાનો રહેશે.

(૧૬) દરેક ફાળવણીદારે તેમને ફાળવવામાં આવેલ રહેઠાણ અંગેનો સ્થાનિક કોર્પોરેશન, પંચાયત, સરકારશ્રી કે તેની ઓથોરીટી તરફથી જે કોઇ ટેક્ષ, કર કે અન્ય વેરા, બીનખેતી કર, કે ઇન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન ચાર્જ, એસો. નો કોમનચાર્જ વિગેરે વેરાઓ વખતો વખત આકારવામાં આવે તે વેરાઓ સીધા જ તે સ્થાનિક સતાવાળાઓને ભરવાના રહેશે.

(૧૭) ફાળવણીદાર. ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા બેંક સાથે થયેલ કરારની શરતોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. તથા કસુર થયેથી ગુજરાતં હાઉસીંગ બોર્ડ એગ્રીમેન્ટની શરતો અનુસાર પગલા ભરવા તથા બેંકને સહકાર આપવા હક્કદાર રહેશે.

(૧૮) આ ફ્લેટની ફાળવણી બોર્ડના પ્રવર્તમાન વિનિયમો પેટા નિયમો વિગેરેને આધિન રહી કરવામાં આવેલ છે. ભવિષ્યમાં જે વિનયમો અને બોર્ડના ઠરાવથી ઘડવામાં આવે તો તે સઘળા ફાળવણીદારને બંધનકર્તા રહેશે.

(૧૯) સદર રહેઠાણનો પ્રત્યક્ષ કબજો સોંપણીપત્ર આપ્યાની તારીખથી 30 દિવસમાં લેવામાં નહિ આવે તો સદર રહેઠાણનો કબજો ફાળવણીદારે પ્રત્યક્ષ સ્વીકારેલ છે તેમ ગણવામાં આવશે અને ફાળવવામાં આવેલ રહેઠાણને જે કંઇ નુકશાન થશે તેની સંપુર્ણ જવાબદારી ફાળવણીદારના શીરે રહેશે અગર ફાળવણી રદ કરવાની પડશે તેની ખાસ નોંધ લેશો.

(૨૦) વધુ માહિતી કે સ્પષ્ટતાની જરૂર જણાય તો ઉપર જણાવેલ કચેરીનો સંપર્ક સાંધવો.

(૨૧) ફાળવણીની કાર્યવાહી માટે ફાળવણીદારે રૂબરૂ આવવાનું રહેશે.

ફાળવણીનો સમય- બપોરે ૧૨-૦૦ થી સાંજના ૪-૦૦વાગ્યા સુધી

રહેઠાણ નંબર ............................ તારીખ ..................................

આપનો વિશ્વાસુ

બિડાણ-(૧) સ્વિકારપત્ર
(૨) સોંપણીપત્ર

જાગીર વ્યવસ્થાપક,
ગુજરાત હાઉસીંગ બોર્ડ,
--------------------